## ❖ ભૂખંડ (જમીન નો પ્લોટ) ભૂખંડ માં શું જોવું ?

ભૂખંડ માં અંદર જવાનો રસ્તો કઈ દિશા માં છે તે જોવું અને તેનું માપ લઈ ને તેમાં દેવાલય કયા માપનું આવશે તે નક્કી કરવું અને તેના પરથી તેની દિશા પણ નક્કી થશે અને પછી જે દિશા સન્મુખ આવે તે દિશાના નક્ષત્ર ગણી અને તેનો અંક આપવો. નક્ષત્ર મેળવ્યા પછી તેને આય આપવો.

## ❖ ભૂમિ પરીક્ષા કેવી રીતે કરવી ?

દેવાલયની જમીન પર એક હાથ ઊંડો ખાડો ખોદી તેજ માટીથી પાછો પુરી દેવો માટી વધે તો શ્રેષ્ઠ ભૂમિ, બરાબર રહે તો મધ્યમ ભૂમિ અને ઘટે તો કનિષ્ઠ ભૂમિ જાણવી.

બીજી પરીક્ષા માં એક હાથ ઊંડો ખાડો ખોદી તેમાં બરાબર પાણી ભરવું પછી ૧ થી ૧૦૦ અંક ગણવા. બે વખત ગણ્યા પછી ખાડા નું પાણી જોવું જો પાણી ઘટ્યું હોય તો મધ્યમ ભૂમિ, અર્ધ ભાગ નો ઘટ્યું હોય તો કનિષ્ઠ ભૂમિ અને બરાબર રહ્યું હોય તો જેષ્ઠમાન ભૂમિ જાણવી.

ખાડા માં માટી ભરીને પંચગવ્ય (ગાય નું દૂધ, દહીં, ઘી, મધ અને ગૌમૂત્ર) થી સોમપુરા બ્રાહ્મણે ભૂમિ ની શુદ્ધિ કરવી.

## ❖ શલ્ય શોધન - જમીન ની મજબુતાઈ નો ટેસ્ટ ?

દેવાલય ની જમીન માં એક પુરૂષ ના માપ પ્રમાણે ખાડો ખોદવો તેમાંથી હાડકા, કોલસા, વાળ, ઠીકરા વગેરે નીકળે તો ખાદા માંથી જ્યાં સુધી પાણી ના આવે ત્યાં સુધી ખોદવો. શલ્ય નીકળે તેનો અર્થ થાય કે ત્યાં સુધી ભરતી કરેલી છે, માટે મૂળ જમીન આવે ત્યાં સુધી પાયો ખોદવો.

## ❖ આય આપવા ની રીત ?

ગર્ભગૃહ અથવા મંડપ ની લંબાઈ પહોળાઈ નો ગુણાકાર કરી આઠે ભાગતા જે શેષ વધે તે આય જાણવો. પ્લાન બની ગયા પછી સૂત્ર આરંભ કરીને એટલે કે જમીન પર માર્કીંગ કરવું.

| આય | |
|---|---|
| ૧ | ધ્વાજાય |
| ૨ | ધુમાય |
| ૩ | સિંહાય |
| ૪ | સ્વનાંય |
| ૫ | વૃષાય |
| ૬ | ખરાય |
| ૭ | ગજાય |
| ૮ | ધ્વાક્ષાય |

- ❖ **નક્ષત્ર ગણવાની રીત ?**

ગર્ભગૃહ ની લંબાઈ પહોળાઈ નો ગુણાકાર કરવો જે અંક આવે તેને ૨૭ એ ભાગવો, ભાગતા જે શેષ રહે તે નક્ષત્રની મૂળ રાશિ જાણવી. મૂળ રાશિ ના અંક ને આઠે ગુણવું, ગુણતા જે અંક આવે તેને ૨૭ એ ભાગવું, ભાગતા જે શેષ રહે તે નક્ષત્ર નો અંક જાણવો.

| નક્ષત્ર ની મૂળ રાશિ | | |
|---|---|---|
| ૧ | પુષ્ય | પૂર્વ |
| ૨ | વિશાખા | દક્ષિણ |
| ૩ | શતભિષા | ઉત્તર |
| ૪ | મૃગશીર્ષ | પૂર્વ |
| ૫ | હસ્ત | દક્ષિણ |
| ૬ | ઉત્તરષાઢા | પશ્ચિમ |
| ૭ | ભરણી | ઉત્તર |
| ૮ | મઘા | દક્ષિણ |
| ૯ | જયેષ્ટા | પશ્ચિમ |
| ૧૦ | ઉત્તરભાદ્રપદ | ઉત્તર |
| ૧૧ | પુર્નવસુ | પૂર્વ |
| ૧૨ | સ્વાતિ | દક્ષિણ |
| ૧૩ | ધનિષ્ટા | પશ્ચિમ |
| ૧૪ | રોહિણી | પૂર્વ |
| ૧૫ | ઉત્તર ફાલ્ગુની | દક્ષિણ |
| ૧૬ | પૂર્વષાઢા | પશ્ચિમ |
| ૧૭ | અશ્વિની | ઉત્તર |
| ૧૮ | અશ્લેષા | પૂર્વ |
| ૧૯ | અનુરાધા | પશ્ચિમ |
| ૨૦ | પૂર્વ ભાદ્રપદ | ઉત્તર |
| ૨૧ | આદ્રા | પૂર્વ |
| ૨૨ | ચિત્રા | દક્ષિણ |
| ૨૩ | શ્રવણ | પશ્ચિમ |
| ૨૪ | કૃતિકા | પૂર્વ |
| ૨૫ | પૂર્વ ફાલ્ગુની | દક્ષિણ |
| ૨૬ | મૂળ | પશ્ચિમ |
| ૨૭ | રેવતી | ઉત્તર |

❖ **શિલા સ્થાપન ?**

કુર્મ શિલાનું માપ બે ફુટ ના દેવાલય માં અડધા ઈંચ ની અને ૨ ફુટ થી ૩૦ ફુટ સુધી દરેક ૨ ફુટે અડધો ઈંચ વધારતા જવું. ૩૦ ફુટ ના દેવાલય ને ૧૫ ઈંચ ની શિલા આવે પછી દેવાલય જેમ મોટો બનાવો તો દરેક ૨ ફુટે પા ( ૦.૨૫) ઈંચ વધારતા જવું. શિલાની જાડાઈ તેના ચોથા ભાગે કરવી એટલે કે ૧૨ ઈંચ ની શિલા ને ૩ ઈંચ જાડી કરવી. શિલા ની નીચે તાંબાના કળશમાં શંખ, કોડી, ચાંદી નો નાગ, ચાંદી નો કુર્મ, નવરત્ન મુકી કળશ ને બંધ કરી શિલા નીચે ખાડો ખોદી તેમાં મુકી દેવો પછી તેની ઉપર વસ્ત્ર ઓઢાડી ને શિલા મુકવી. શિલા મુક્યા પછી તેની ચારે બાજુ ૨ ઈંચ જગ્યા રાખી ચણતર કરી પથ્થર ઢાંકી દેવો. શિલા ચારે બાજુ થી અને ઉપર થી ૨ ઈંચ ખુલી રહેવી જોઈએ. શિલા હંમેશા સમ ચોરસ રાખવી.

❖ **અષ્ટ શિલા ના માપ ?**

૨ ફુટ ના દેવાલયને ૭ ઈંચ ની શિલા, ૧૦ ફુટ સુધી ૨ ફુટે ૨ ઈંચ વધારવી. ૧૦ ફુટના પ્રાસાદ ને ૧૫ ઈંચ ની શિલા આવે. ૧૦ થી ૨૦ ફુટ સુધી ૨ ફુટે ૧ ઈંચ વધારતા જવું અને ૨૦ થી ૫૦ ફુટ સુધી અડધો ઈંચ વધારવી અને ૪ ભાગે જાડી કરવી.

❖ **કુર્મ શિલાના રૂપ કઈ દિશા થી કરવા ?**

અગ્નિ કોણે પાણી ની લહેર, દક્ષિણ કોણે માછલી, નૈઋત્ય કોણે દેડકો, પશ્ચિમ કોણે મકર, વાયવ્ય કોણે ગ્રાસ, ઉત્તર કોણે શંખ, ઈશાન કોણે નાગ, પૂર્વ કોણે કુંભ, મધ્ય માં કાચબો અને મધ્યમાં કુર્મ પ્રમાણે ચાંદી અથવા સોનાનો કુર્મ બનાવી ને તેની ઉપર મુકવો.

❖ **નાભીનાળ ક્યાં મુકવો ?**

નાભીનાળ કુર્મ શિલા ઉપર થી મુખ્ય દેવની ગાદી સુધી લેવો.

❖ **નવ શિલા માં કયા સ્વરૂપ બનાવવા ?**

| | | |
|---|---|---|
| ઈશાન દિશા | ત્રિશુલ | સૌભાગીની |
| પૂર્વ દિશા | વજ્ર | નંદા |
| અગ્નિ દિશા | તલવાર | ભદ્રા |
| દક્ષિણ દિશા | દંડ | જયા |
| નૈઋત્ય દિશા | ખડક | રિકતા |
| પશ્ચિમ દિશા | નાગપાશ | અજિતા |
| વાયવ્ય દિશા | અંકુશ | અપરાજિતા |
| ઉત્તર દિશા | ગદા | શુકલા |
| મધ્ય ની કુર્મ શિલા | | |

❖ <u>શિલા ના વસ્ત્રો ?</u>

| | |
|---|---|
| પૂર્વ દિશા માં | પીળો રંગ |
| અગ્નિ દિશા માં | લાલ રંગ |
| દક્ષિણ દિશા માં | કાળો રંગ |
| નૈઋત્ય દિશા માં | આશમાની રંગ |
| પશ્ચિમ દિશા માં | જાંબલી રંગ |
| વાયવ્ય દિશા માં | સફેદ રંગ |
| ઉત્તર દિશા માં | લીલો રંગ |
| ઈશાન દિશા માં | સફેદ રંગ |
| કુર્મ શિલા | પીળો રંગ |

❖ <u>પ્રથમ કઈ શિલા સ્થાપવી ?</u>

ઈશાન અથવા અગ્નિ કોણ થી આરંભ કરી સુષ્ટિ માર્ગ (પૂર્વ દિશા બાજુ થી શરૂઆત કરવી) અને છેલ્લે કુર્મ શિલા નું સ્થાપન કરવું.

❖ <u>દેવાલય નું પ્રમાણ ક્યાંથી કરવું ?</u>

દેવાલયનું પ્રમાણ મંડોવરના કુંભાથી ગણવું. ( ગર્ભગૃહ ની દિવાલ ની બહાર ના ખૂણા થી ગણવું) જેને રેખામાન કહેવાય છે.

**નિદોષં વાસ્તુ કથં દેવં નિર્દોષં પ્રાસાદ નિણયં ।**

**નિદોષં મંદિર સર્વે નિદોષં કથં પરાજીતે ॥**

હે અપરાજિત - બધી જાત ના પ્રાસાદ મંદિર વાસ્તુ વગેરે દોષ વગરના શી રીતે કરવા તે કહો

અપરાજિત ઉવાચઃ **અપરાજિતો સત્ય સત્યં મહાભાગં ત્વયા પરી ।**

**કથંયામીન સંદેહો નિદોષં શૃણુ સાંપ્રત ॥**

**અર્થ:** હે મહાભાગ્યવાન નિર્દોષ પ્રાસાદ વગેરેની રચના સત્ય રીતે કહું છું તેને સંદેહ રાખ્યા વગર સાંભળો.

**નિર્દોષં શાસ્ત્ર દ્રષ્ટિના નિર્દોષં જીર્ણ મેવચ ।**

**નિર્દોષં સોમપુરા બ્રાહ્મણો વજતે નિર્દોષં સિધ્યતે ધ્રુવ ॥**

**અર્થ:** જે વિદ્વાન સોમપુરા બ્રાહ્મણ શિલ્પી હોય છે તે શાસ્ત્ર ના જ્ઞાન ના લીધે ઘર, મંદિર, જીર્ણ પ્રાસાદ અને જે દોષવાળા ઘર મંદિર પ્રાસાદ વગેરે હોય તેને દોષ વગરના કરી શકે છે.

- **જીર્ણોધાર કરવા થી શું થાય ?**

જીર્ણ થયેલા દેવાલયો નો જીર્ણોધાર કરવાથી ૮ ગણું પુણ્ય મલે છે.

- **જીર્ણોધાર કરવાનું વિધાન ?**

જે દેવાલય હોય તેને મુખ્ય સૂત્ર એટલે કે પહેલાનું સેન્ટર હોય તે રાખીને જે જુનુ દ્રવ્ય માન હોય તેનાથી અધિક દ્રવ્ય નું કરવું. માટી નું હોય તો લાકડાનું, લાકડા નું હોય તો પાષાણ નું અને પહેલા કરતા અધિક સુશોભિત કરવું અને પહેલા કરતા વિસ્તાર માં પણ અધિક કરવું. જીર્ણોધાર કરતા માપ માં કે લંબાઈ પહોળાઈ માં ક્યાંય જગ્યા ના અભાવે કે ઉંચાઈ ના અભાવે નક્ષત્ર માં અથવા આય મેળવવામાં ન આવે તો કોઈ દોષ લાગતો નથી કારણ કે અધિક ગુણો અને સુંદરતાને કોઈ દોષ હોતો નથી. અલ્પ ગુણો ને ધ્યાન માં ન લેતા સુંદરતા અને સગવડતા ને ધ્યાન માં રાખીને કામ કરવું. જીર્ણોધારમાં બધી જ જગ્યાએ શાસ્ત્ર મેળવવાનો આગ્રહ ન રાખવો. બુદ્ધિશાળી સોમપુરા શિલ્પી ના હાથે થયેલા કામમાં અલ્પ દોષ હોવા છતાં પણ દોષ લાગતો નથી.

- **જીર્ણ પ્રાસાદ કેવી રીતે પાડવો ?**

જીર્ણ પ્રાસાદ શુભ દિવસે, શુભ નક્ષત્રે, શુભ બલવાન ચંદ્રે અને શુભ મુહૂર્ત માં જીર્ણોધાર કરવો. શુભ મુહૂર્ત જોયા પછી તે દિવસે ક્ષેત્રપાલ સહિત બધા દેવો નું પૂજન કરીને વાસ્તુ દેવ ને બલી અપાવી. સોમપુરા શિલ્પી એ સોના અથવા ચાંદી નો હાથી કે પોઠીયો બનાવડાવો અને હાથી ના દાંત કે પોઠીયા ના શીંગડા થી જીર્ણ વાસ્તુ ને ખોતરી ને પછી પાડવાનો આદેશ આપવો. જુના દેવાલય ની કોઈ પણ વસ્તુ કામ માં ન લેવી.

**સોમપુરા સ્વહસ્તેન સંચરે દેવશુધ્યે ।**

**શિલ્પહસ્તે કૃતે સૌરયં શુદ્રવર્ણ વર્જિતે ॥**

**અર્થ:** સોમપુરા શિલ્પી ના હસ્તે દેવ શુદ્ધિનો આરંભ કરવો કારણકે સોમપુરા શિલ્પી ના હસ્તે દેવ શુદ્ધિ કરવા થીજ તેનું ફળ પ્રાપ્ત થાય છે અન્ય વર્ણ શુદ્ર કહેવાય છે. શુદ્ર વર્ણ ને વજવો.

- **ધ્વજા દંડ નો પ્રમાણ ?**

પ્રાસાદ રેખાએ જેટલો પહોળો હોય તે પ્રમાણે ધ્વજા દંડ કરવો તે જ્યેષ્ઠમાન કહેવાય, તેના થી ૧૦ માં ભાગે નાનો કરવાથી મધ્યમાન કહેવાય અને ૫ માં ભાગે નાનો કરવાથી કનિષ્ઠમાન જાણવું.

- **દ્વિતય માન ?**

દેવાલય ના ગર્ભગૃહ જેટલો કરવો તે કનિષ્ઠમાન કહેવાય, તેમાં ૧૨ ભાગ કરી ૧૨ માં ભાગે વધારવાથી મધ્યમાન અને ૬ ભાગે વધારવાથી જ્યેષ્ઠમાન કહેવાય.

- **ધ્વજા દંડ ની જાડાઈ નું પ્રમાણ ?**

બે ફુટ ના દેવાલય ને પોણો ઈંચ અને પછી દરેક ૨ ફુટે અડધો ઈંચ વધારતા જવું. ધ્વજા દંડ ગોળ બનાવો. દેવીના મંદિરમાં બેકી પર્વ નો ( સમપર્વ) અને બાકી બધા દેવો ને એકી પર્વ નો ધ્વજા દંડ કરવો.

- **ધ્વજા દંડ ની પાટલી નું પ્રમાણ ?**

ધ્વજા દંડ ની લંબાઈ છઠા ભાગે લંબાઈ કરવી, પાટલી ની લંબાઈ ના અડધા ભાગે પહોળી કરવી અને પહોળાઈ ના ત્રીજા ભાગે જાડી કરવી.

- **પ્રાસાદની જગતી કેવી રીતે કરવી ?**

પ્રાસાદ ના ઓટલા ને જગતી કહે છે. જેમ રાજા નું સિંહાસન હોય છે તેમ મંદિર નું સિંહાસન જગતી હોય છે. જગતી મંદિર ના તળ સ્વરૂપ પ્રમાણે કરવી.

- **જગતી ની ઊંચાઈ કેટલી કરવી ?**

૨ ફુટ થી ૨૪ ફુટ ના મંદિર ને રેખાની પહોળાઈ માં અડધા ભાગે કરવી. ૨૪ ફુટ થી ૪૦ ફુટ સુધી દર ૨ ફુટે ૮ ઈંચ વધારતા જવું ને શાસ્ત્રકારો એ મંદિર ને કઈ રીતે સુંદર લાગે ત પ્રમાણે જગતિ કરવી.

- **પીઠમાન ( કર્ણપીઠ): કર્ણપીઠ ની કેટલી ઊંચાઈ કરવી ?**

૨ ફુટ ના મંદિર ને ૧ ફુટ ઊંચી કરવી અને પછી ૧૦ ફુટ સુધી ૨ ફુટે ૫ ઈંચ વધારતા જવું. ૧૦ ફુટ થી ૨૦ ફુટ સુધી ૨ ફુટે ૮ ઈંચ વધારતા જવું. ૨૦ થી ૪૦ ફુટ સુધી ૩ ઈંચ વધારતા જવું.

આ એક સ્ટાન્ડર્ડ માપ છે પણ સુંદર દેખાડવા માટે ઊંચાઈ માં વધઘટ કરી શકાય છે. શાસ્ત્રકારો એ કર્ણપીઠ ના ઘણા પ્રકાર બતાવ્યા છે.

- **મંડોવર ની ઊંચાઈ કેટલી કરવી?**

૨ ફુટ થી ૧૦ ફુટ સુધી મંડોવર ની ઊંચાઈ રેખા જેટલી કરવી ૧૦ ફુટ થી ૨૦ ફુટ સુધી દરેક ૨ ફુટે ૧૪ ઈંચ વધારતા જવું. ૨૦ ફુટ થી ૬૦ ફુટ સુધી દરેક ૨ ફુટે ૧૨ ઈંચ વધારતા જવું. મંડોવર ને સુંદર દેખાડવા તથા આય મેળવવા વધઘટ કરી શકાય છે.

## ❖ દ્રષ્ટિ દોષ અને દિશા દોષ ક્યાં ન લાગે ?

પ્રસિદ્ધ રાજ માર્ગ, પર્વત પર, નદી કિનારે, દરિયા કિનારે અને ગામ ની બહાર ના લાગે.

## ❖ શિલા પરીક્ષા ?

પથ્થર સારો છે કે નબળો છે તે જોવા જે પથ્થર જીણા પોગરનો એક રંગ નો તથા ચિકણો હોય તેવો પથ્થર મૂર્તિ તથા કામ માં લેવો.

જે પથ્થર વધારે પડતો કડક અને મોટી પોગર નો હોય તે કામ માં ન લેવો.

પથ્થર માં છિદ્ર અને તિરાડ હોય તેવો પથ્થર પણ કામ માં ન લેવો.




**2'-0" X 2'-0" X 2'-0"** નો ખાડો કર્યા પછી તે જ માટી ભરવામાં આવે તો જો માટી ભર્યા પછી પણ વધે તો આ ભુમિ જ્યેષ્ઠમાન કહેવાય.






**2'-0" X 2'-0" X 2'-0"** નો ખાડો કર્યા પછી તે જ માટી ભરવામાં આવે તો જો માટી ભર્યા પછી લેવલમાં આવે તો આ ભુમિ મધ્યમાન કહેવાય.




**2'-0" X 2'-0" X 2'-0"** નો ખાડો કર્યા પછી તે જ માટી ભરવામાં આવે તો જો માટી ભર્યા પછી પણ ઘટે તો આ ભુમિ કનીષ્ટમાન કહેવાય.


# શલ્ય શોધન







ભુમિને ખોદતા તેમાંથી કોલસા, વાળ, હાડકાં, માટીનું ઠીકરું વગેરે નીકળે તો તેને શલ્ય કહેવાય. તેથી તે ભુમિ ભરેલી માટીની હોય માટે તેનો પાયો ઊંડો લેવો કે જ્યાં સુધી મુરમ રેત આવે અથવા તો જળ આવે ત્યાં સુધી પાયો ખોદવો કારણ કે તે દ્દઢ ભુમિ કહેવાય.

# શિલા સ્થાપન





વાયવ્ય
ઉત્તર
ઈશાન
પશ્ચિમ
પૂર્વ
ધરણી શિલા
મધ્યમાં
નૈઋત્ય
દક્ષિણ
અગ્નિ

# ભુમિ પરીક્ષણ




2'-0" X 2'-0" X 2'-0" નો ખાડો કર્યા પછી તેમાં જમીન લેવલ સુધી પાણી ભર્યા પછી 100 પગલાં એક દિશામાં ચાલીને પાછા આવવું.





**2'-0" X 2'-0" X 2'-0" નો ખાડો કર્યા પછી તેમાં જમીન લેવલ સુધી પાણી ભર્યા પછી 100 પગલાં એક દિશામાં ચાલીને પાછા આવતા જો પાણી ભરેલું જ હોય તો આ ભુમિ જ્યેષ્ઠમાન કહેવાય.**




**2'-0" X 2'-0" X 2'-0" નો ખાડો કર્યા પછી તેમાં જમીન લેવલ સુધી પાણી ભર્યા પછી 100 પગલાં એક દિશામાં ચાલીને પાછા આવતા જો પાણી થોડું ઓછું ભરેલું હોય તો આ ભુમિ મધ્યમાન કહેવાય.**




**2'-0" X 2'-0" X 2'-0" નો ખાડો કર્યા પછી તેમાં જમીન લેવલ સુધી પાણી ભર્યા પછી 100 પગલાં એક દિશામાં ચાલીને પાછા આવતા જો પાણી થોડું જ ભરેલું હોય તો આ ભુમિ કનીષ્ટમાન કહેવાય.**


-10' LEVLE
શિલા
ઈંટ
મારબલનું પાટીયું
કળશ

નંદા (પુર્વ)
ભદ્રા (અગ્ની)
જયા (દક્ષિણ)
રિક્તા (નૈરુત્ય)
અજિતા (પશ્ચિમ)
અપરાજીતા (વાયવ્ય)
શુકલ (ઉત્તર)
સૌભાગીની (ઇશાન)
ધરણી (મધ્યની)

દેવતાનું મુખ જે દિશામાં હોય તે જ દિશામાં કુર્મનું મુખ રાખવું.

2' ના દીવાલે 7" ની શિલા કરવી અને પછી 10' સુધી 2" વધારતા જવુ. અને પછી 10' થી થ૦' સુધી 1" વધારવી અને પછી 40' થી 100' સુધી 0.75" ક્ષોણી ઇંચશ દર (2') બે ફુટે વધારતા જવું. શિલાના માપ પ્રમાણે સમચોરસ કરવી અને ચોથા ભાગે જાડી કરવી.


## શિલામાં કરવાના આયુત

અગ્નીકોણની શિલામાં શક્તિ.
દક્ષિણકોણની શિલામાં દંડ.
નૈરુત્યકોણની શિલામાં ખડગ.
પશ્ચિમકોણની શિલામાં પાસ.
વાયવ્યકોણની શિલામાં અંકુશ.
ઉત્તરકોણની શિલામાં ગદા.
ઈશાનકોણની શિલામાં ત્રિશુલ.
પુર્વકોણની શિલામાં વજ્ર


વચ્ચેની મુખ્ય શિલામાં નવ ભાગ કરવા, મધ્યમા કાચબો કરવો, અગ્નિકોણમાં સર્પ કરવો, દક્ષિણદિશામાં માછલી કરવી, નૈરુત્યકોણમાં દેડકો કરવો, પશ્ચિમદિશામાં મગર કરવો,વાયવ્યકોણમાં ગ્રાસ મુખ કરવું, ઉત્તરદિશામાં શંખ કરવો, ઈશાનકોણમાં પાણીની લહેર કરવી, પુર્વદિશામાં કુંભ કરવો.

મુખ્ય શિલા ઉપર સોના અથવા ચાંદીનો કાચબો શક્તિ પ્રમાણે 1" થી 5" સુધીનો કરવો અને તેનાથી ચોથા ભાગ સુધીનો જાડો કરવો અને તેને પંચામૃત વડે સ્નાન કરાવીને સ્થાપના કરવી અને ધરણી શિલા (મધ્ય શિલા) ઉપર રત્નો અને અલંકારથી દિવ્ય પુજાની સામગ્રીથી પુજા કરવી તેમાં પંચરત્ન તથા પ્રવાલો (સામુંદ્રીક વસ્તુ શંખ, કોડી, ક્ષિપ, ગોમતી ચક્ર વગેરે) મુકી વસ્ત્ર પહેરાવી પુજા કરવી.

અગ્નિ ખુણામાં લાલ કલરનું વસ્ત્ર.
દક્ષિણ દિશામાં કાળા કલરનું વસ્ત્ર.
નૈરુત્ય ખુણામાં આસમાની કલરનું વસ્ત્ર.
પશ્ચિમ દિશામાં જાંબલી કલરનું વસ્ત્ર.
વાયવ્ય ખુણામાં સફેદ કલરનું વસ્ત્ર.
ઉત્તર દિશામાં લીલા કલરનું વસ્ત્ર.
ઈશાન ખુણામાં સફેદ કલરનું વસ્ત્ર.
પુર્વ દિશામાં પીળા કલરનું વસ્ત્ર.
વચ્ચે ધરણી શિલામાં લાલ કલરનું વસ્ત્ર.


મંડોવર
કર્ણપીઠ
જગતી


# ઘનફુટ અને ચોરસ ફુટ ગણવાની રીત





12"X12"X12" ÷ 1728 = 1'- 0" Cu.Ft

12"X12" ÷ 144 = 1'- 0" Sq.Ft


# દ્વાર સ્થાને દ્રષ્ટિ સ્થાન







## પદસ્થાન તળપ્લાન

ચોરસ ક્ષેત્રફળના ગર્ભગૃહના પછીતથી ગર્ભગૃહના સેન્ટર સુધિ 5 ભાગ કરવા તેમાં સેન્ટરમાં શિવલીંગ રાખવું પછી ચોથો ભાગ છોડી દેવો, 3 ભાગમાં બ્રમ્હા, વિષ્ણું અને જીનનું સ્થાન કરવું 2 ભાગમા સર્વદેવોનું સ્થાન કરવું. 1 સ્થાનમા યક્ષાદીનું સ્થાન કરવુ.





## દશભાગ તળપ્લાન

ચોરસ ક્ષેત્રફળના 10 ભાગ કરવા તેમાં 2 ભાગની રેખા 1.5 ભાગના પ્રતિરથ અને 1.5 ભાગના ભદ્ર કરવા.





## સમદળ તળપ્લાન

ચોરસ ક્ષેત્રફળના 12 ભાગ કરવા તેમાં 2 ભાગની રેખા 2 ભાગના પ્રતિરથ અને 2 ભાગના ભદ્ર કરવા.




## આંઠભાગ તળપ્લાન


ચોરસ ક્ષેત્રફળના 8 ભાગ કરવા તેમાં 2 ભાગની
રેખા અને 2 ભાગના ભદ્ર કરવા.




## હસ્તાંગુલ તળપ્લાન

ચોરસ ક્ષેત્રફળના 12 ભાગ કરવા તેમાં 2 ભાગની રેખા 2 ભાગના પ્રતિરથ અને 2 ભાગના ભદ્ર કરવા.

એક ગજે (ગજ= 2 ફુટ = 2'-0") નિકાળો અડધા આંગળ (આંગળ= 1 ઈંચ= 0'-0½")કરવો.




# આર્ચા તળપ્લાન

ઘુમ્મટ બનાવવો હોય અથવા સામરણ બનાવવુ હોય તો ખાલી અંગ બતાવવા માટે 1" , 1 $\frac{1}{2}$" , 2" સુધી નિકાળા રાખવા.

ચોરસ ક્ષેત્રફળના 12 ભાગ કરવા તેમાં 2 ભાગની રેખા 2 ભાગના પ્રતિરથ અને 2 ભાગના ભદ્ર કરવા.